# હિંમતનગર પાલિકાએ બનાવેલા રસ્તા ત્રણ મહિનામાં તુટી ગયા

## વરસાદ પડતાની સાથે જ ૨.૨૦ કરોડના તકલાદી કામનો પર્દાફાશ

હિંમતનગર, તા. ૩

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ગ્રાન્ટોમાંથી હિંમતનગર શહેરમાં અનેક જરૂરીયાતવાળા વિસ્તારોમાં ડામર રોડ બનાવવા માટે આવેલા નાણાંનો સદપયોગ કરવાની રીસરફરીંગ કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતુ. ત્યારબાદ નેગોશિએસન કરીને આ કામનો ઈજારો કેટલીક શરતોને આધીન રહીને એક ઈજારદારને અપાયો હતો. ત્યારબાદ શહેરના વિવિધ વિસ્તારોમાં નવા ડામર રોડ બન્યા છે. જ્યારે આ રોડ બન્યા ત્યારે શહેરીજનોના મો મલકાયા હતા. ત્યારબાદ વરસાદ પડતાની સાથે જ આ નવા રોડ ચિથરેહાલ બની જતા શહેરીજનોમાં અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ મહેતાપુરા, મોતીપુરા અને મહાવીરનગર સહીત શહેરની અંદરની સોસાયટીઓમાં કરોડો રૂપિયાના ખર્ચે ડામર રોડ બનાવાયા હતા. પરંતુ ઈજારદાર દ્વારા કામમાં વેઠ ઉતારીને તેમાં હલકી કક્ષાની સામગ્રી વાપરી હોવાથી વરસાદ પડ્યા બાદ ફક્ત ત્રણ મહીનામાં આ નવા રોડની હાલત ચીંથરેહાલ બની ગઈ છે. અત્યારે શહેરના ગમે તે નવા બનેલા રોડ પર થઈને વાહનચાલકો પસાર થાય છે ત્યારે તેઓ ડિસ્કો રોડને કારણે કમરના દુખાવાનો ભોગ બની રહ્યા છે.

તો બીજી તરફ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા ઈમરાનભાઈના કહેવા મુજબ શહેરમાં નવીન રોડો બનાવવાનું જે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું તેમાં શરત નં. ૩૧ અને ૩૩ની જોગવાઈ મુજબ નવીન રોડ બનાવનાર ઈજારદારને ત્રણ વર્ષ સુધી તેનુ સમારકામ કરવાનું હોય છે. તેમ છતાં શહેરના તુટી ગયેલા રોડનું સમારકામ કરવાની તસ્દી ઈજારદાર દ્વારા લેવામાં આવી નથી. જેના માટે નગરજનો એવુ કહી રહ્યા છે કે ઈજારદાર તથા નગરપાલિકાના સત્તાવાળાઓ વચ્ચે કોઈ ગોઠવણ થઈ હોય તો નવાઈ નહી.

આ સિવાય પણ શહેરમાં અનેક ઠેકાણે ગંદકી અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા યોગ્ય ન હોવાને કારણે લોકો પાણીજન્ય રોગોમાં સપડાઈ રહ્યા છે. ત્યારે નગરપાલિકા દ્વારા દેખાવ ખાતર વાપરવામાં આવતો અને કહેવાતો કેમીકલયુક્ત સફેદ પાવડરમાંથી લોકોને મચ્છરોનો નાશ કરી શકે તેવી વાસ આવતી ન હોવાનું શહેરીજનો કહી રહ્યા છે. દિનપ્રતિદિન હિંમતનગર નગરપાલિકાનો વહીવટ કથળી રહ્યો હોવાનું લોકો અનુભવી રહ્યા છે. ત્યારે પાલિકાના સત્તાવાળાઓએ આળસ ખંખેરીને જાગવાની જરૂરી છે. નહી તો પછી પ્રજા સત્તા પર કોને બેસાડવા તે અંગે નિર્ણય કરે તો નવાઈ નહી.

### અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના

## અંશ:કાલીન કર્મચારીઓ પગાર મામલે હડતાલ અને ધરણા યોજ્યા

સી.આઈ.ટી.યુ સંકલિત લાલ વાવટા જનરલ વર્કર્સ યુનિયન (ગુજરાત રાજ્ય) પગાર મુદ્દે અરવલ્લી જીલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં ફરજ બજાવતા અંશ:કાલીન કારમી મોંઘવારીમાં પરિવારનું જીવનનિર્વાહ ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો



મહામંત્રી ડી.આર. જાદવના અધ્યક્ષસ્થાને જીલ્લા સેવાસદન કચેરી ખાતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અનુસાર ગુજરાત સરકારના નાણા વિભાગના પરિપત્ર અનુસાર કર્મચારીઓની હડતાલ સાથે ધરણા યોજ્યા હતા. આ અંગે ડી.આર.જાદવે જણાવ્યું હતું કે કર્મચારીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ પગારના બદલે નજીવો પગાર ચુકવતા હોવાથી હોવાથી પગાર વધારાની માંગ સાથે ન્યાયની માંગ સાથે ધરણા યોજ્યા હોવાનું જણાવી માંગ નહિ સ્વીકારાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

## ધનસુરાના હિન્દુપુરાના યુવકનું સૂકા વૃક્ષનું ડાળું પડતા મોત

ધનસુરા, તા. ૩

ધનસુરા તાલુકાના હિન્દુપુરા ગામે ડેરીમાં દૂધ ભરીને આવતી વખતે ૩૨ વર્ષિય યુવકનું સૂકા વૃક્ષનું ડાળું પડતા મોત થયું હતું. ધનસુરા તાલુકાના હિન્દુપુરા ગામના રવજીભાઈ માધાભાઈ ઠાકોર ઉંમર ૩૨ વર્ષ સાંજના ૬ વાગ્યાની આસપાસ ગામની ડેરીમાં દૂધ ભરીને ઘરે પરત આવતા હતા ત્યારે ગામ પાસે તેમની ઉપર સૂકા વૃક્ષનું ડાળું પડયું હતું. ડાળુ પડતા તેમને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી. ગંભીર ઈજાઓ થતા તેમને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે તાત્કાલિક મોડાસા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પણ ગંભીર ઈજાઓના કારણે રવજીભાઈ ઠાકોરનું મોત થયું હતું. યુવકનું મોત થયા સમગ્ર ગામમાં શોકની લાગણી પ્રસરી હતી.



## ધાનેરાની રેલ નદીમાં બે વર્ષ બાદ નવા નીર આવ્યા

ધાનેરાની રેલ નદીમાં બે વર્ષ બાદ પાણી આવતા લોકોમાં એક ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉપરવાસમાં ભારે વરસાદને લઈ ગત મોડી રાત્રે ધાનેરાની નદીમાં પાણી આવ્યું હતું. આ વર્ષે સમગ્ર ગુજરાતમાં સારો એવો વરસાદ છે પરંતુ ધાનેરા વિસ્તારમાં નહિવત પ્રમાણમાં વરસાદ પડતાં ખેડૂતો ચિંતાતુર બન્યા હતા ચોમાસુ પૂરું થવાના આરે છે છતાં પણ ધાનેરામાં સારો વરસાદ ન પડતાં લોકો અને ખેડૂતો ચિંતાતુર બન્યા હતા. ત્યારે બે દિવસ અગાઉ ધાનેરામાં સારો એવો વરસાદ પડ્યો હતો. ગઈકાલે ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ધાનેરાની રેલ નદીમાં નવા નીર આવ્યા હતા. ધાનેરાની રેલ નદીમાં નવા નીર જોવા માટે વહેલી સવારે જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં ધાનેરા વિસ્તારમાં પૂરે ભારે તારાજી સર્જી હતી અને રેલ નદીનું પાણી રહેણાંક વિસ્તારમાં ઘુસી જતાં મોટી જાનહાનિ તેમજ ભારે નુકસાન થયું હતું તે બાદ લોકો પૂરના નામથી પણ કરી રહ્યા હતા. ગતરાત્રે લોકોને સમાચાર મળતા લોકો પુરી રાત બની જ ગયા હતા પરંતુ વહેલી સવારે ધાનેરાની રેલ નદીમાં પાણી આવતા લોકો ખુશ થયા હતા. ધાનેરા રેલનદીમાં પાણી આવવાના સમાચાર મળતા ધાનેરાનું સ્થાનિકતંત્ર પણ દોડતું થયું અને વિવિધ ગામોની મુલાકાત લીધી હતી. ધાનેરા રેલ નદીમાં વહેલી સવારે પાણી આવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

# અરવલ્લીના માર્કેટયાર્ડમાં ૧ કરોડ ઉપાડવા પર ૨ ટકા ટીડીએસના વિરોધમાં હડતાલ



મોડાસા, તા. ૩

કેન્દ્ર સરકાર દ્વારા ૧ કરોડ રૂપિયા રોકડ ઉપાડ પર ૨ ટકા ટીડીએસની જોગવાઈ કરી છે. આ કાયદાની હજી સુધી કોઈ માહિતી વેપારીઓને નહી આપતા વેપારીઓ મુંઝવણમાં મુકાયા છે. ટીડીએસના નવા નિયમોને લઈને રાજ્યભરના માર્કેટ યાર્ડમાં વિરોધનો વંટોળ સર્જાયો છે. ઉંઝા માર્કેટયાર્ડના વેપારીઓએ સૌપ્રથમ વિરોધ નોંધાવી હડતાલ પર ઉતારવાના નિર્ણય પછી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના તમામ માર્કેટયાર્ડએ મંગળવાર-બુધવાર એમ બે દિવસ હડતાલ પર ઉતારી વિરોધ નોંધાવશે જેમાં પ્રથમ દિવસે મોડાસા માર્કેટયાર્ડમાં હડતાળમાં કેટલાક વેપારીઓ ન જોડાતા મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

રાજ્યભરમાં આવેલા માર્કેટિંગ યાર્ડમાં ૧ કરોડની રોકડ ઉપાડ પર ૨ ટકા ટીડીએસ કાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જો કે આ નિર્ણયનો માર્કેટિંગ યાર્ડ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. અરવલ્લી જીલ્લાના માર્કેટયાર્ડના વેપારીઓએ મંગળવારે હડતાલના પ્રથમ દિવસે ધંધા-વેપાર બંધ રાખી વિરોધ નોંધાવી માર્કેટ યાર્ડના વેપારીઓએ સરકારને વિનંતી કરી કે ટીડીએસ કપાતમાંથી માર્કેટ યાર્ડને બાદ કરવા જોઈએની માંગ કરી રહ્યા છે. માર્કેટયાર્ડની હડતાલથી અજાણ કેટલાક ખેડૂતો ખેત પેદાશ સાથે વેચાણ અર્થે પહોંચતા ધરમનો ધક્કો ખાવો પડ્યો હતો.



## સાયરમાં ઢોલ-નગારા સાથે શ્રીજીનું સ્થાપન

મંગલ કાર્યમાં પ્રથમ સ્થાપના કરવામાં આવતા એવા વિઘ્નહરતા દેવ ગણેશના મહોત્સવનો સોમવારના રોજ પ્રારંભ થતા ગણેશ ચતુર્થી



નિમિત્તે સમગ્ર દેશમાં ભક્તિમય માહોલ સર્જાયો છે. મોડાસા તાલુકાના સાયરા ગામે કૃષ્ણવદન રમણભાઈ પટેલના ઘરેથી ધામધૂમપૂર્વક શ્રીજીદાદાની શાહી સવારી નીકળી હતી અને સાયરા ગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરની બાજુમાં ગણપતિદાદાની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ સ્થાપનમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટ્યા હતા અને ભક્તિભાવમાં જોડાયા હતા.

## હિંમતનગરના નવા રેલવે સ્ટેશનનું ૧૩મીએ લોકાર્પણ

હિંમતનગર, તા. ૩

અમદાવાદથી હિંમતનગર વચ્ચે મીટરગેજ રેલવે લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાની કામગીરી પૂર્ણ થઈ ગયા બાદ જિલ્લાની પ્રજા ટ્રેન સેવા જલ્દી શરૂ થાય તેમ ઈચ્છી રહી છે. ત્યારે આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ હિંમતનગર ખાતે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ હિંમતનગર રેલવે સ્ટેશનનું તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ સાબરકાંઠાના સાંસદના હસ્તે લોકાર્પણ કરાશે. એમ મંગળવારે સાબરકાંઠા સાંસદે સાબરકાંઠા તથા અરવલ્લીના મતદારોને સોશીયલ મીડીયાના માધ્યમથી ટ્વીટ કરીને જણાવ્યુ છે.

આ અંગે સાંસદ દિપસીંહ રાઠોડે મંગળવારે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે ટ્રેન સેવા શરૂ થાય તે અગાઉ અમદાવાદથી હિંમતનગર વચ્ચે આવતા દહેગામ, રખીયાલ, તલોદ, પ્રાંતિજ તથા હિંમતનગર સહીત અન્ય નાના રેલવે સ્ટેશનોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે ટ્રેન સેવા શરૂ થાય તે અગાઉ આ રેલવે સ્ટેશનોને કાર્યરત કરવા પડે છે. લોકાર્પણ થયા બાદ તમામ રેલવે સ્ટેશન પર સ્ટાફ ગોઠવાઈ જશે.

ઉપરાંત રેલવે સ્ટેશનો પરથી કોઈપણ સ્થળે જવા માટે રિજર્વેશન કરાવી શકાશે. જો કે અમદાવાદથી હિંમતનગર વચ્ચે ટ્રેન સેવા શરૂ કરવા માટે આગામી તા. ૨૦મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ખાતે રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને ટાઈમ ટેબલ તથા ટ્રેનોની ફ્રિકવન્સી અંગે ચર્ચા કરાયા બાદ સમય અને તારીખ નક્કી કરવામાં આવશે.



## ડીસા શહેરના મુખ્ય માર્ગોની ખખડધજ હાલત

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડિસાનો સરકારે અમૃતમ સિટીમાં સમાવેશ કર્યો છે. તેથી શહેરમાં માળખાકીય સવલતો માટે સરકાર ઉદાર હૈયે ગ્રાન્ટો ફાળવે છે. જેમાંથી કરોડોના ખર્ચે ભૂગર્ભ ગટર લાઈન બાદ નવા રોડ બનાવાયા છે. પરંતુ સામાન્ય વરસાદમાં રોડ તૂટી જતા કામમાં આચરાયેલ ગેરરીતિઓ ખુલ્લી પડી ગઈ છે. તેથી સરકારની ગ્રાન્ટ વેડફાઈ જતા પ્રજાની પરેશાની યથાવત જ રહી છે. હાલમાં મામલતદાર રોડ, જુના બસ સ્ટેન્ડ રોડ, ફુવારાથી લેખરાજ ચાર રસ્તા રોડ, ભગવતીથી રાજપુર રોડ, નવાવાસથી લાતી બજાર રોડ સહીત તમામ મુખ્ય માર્ગ ખખડધજ બની ગયા છે. જાણે શહેરનું કોઈ રણીધણી ના હોય તેવી માર્ગોની હાલત છે. તેથી વાહનચાલકો સાથે રાહદારીઓની પણ હાલત કફોડી બની જાય છે. શહેરમાં વિકાસની મોટી વાતો થાય છે પણ ખખડધજ રોડ સત્તાધીશોની નજરમાં આવતા નથી ? તેવો કટાક્ષ આમ પ્રજા કરી રહી છે. ખખડધજ રોડ અને ઉપરથી રખડતા ઢોરોના જમેલાથી ટ્રાફિક પણ જામ થાય છે જેને ગંભીરતાથી લઈ પાલિકા દ્વારા અગાઉ બનેલ રોડના કોન્ટ્રકટર પાસે રોડનું સત્વરે સમારકામ કરાવાય તેવો જનમત પ્રવર્તે છે.

## અરવલ્લીના ઉમેદપુર ગામે રવિવારે ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાશે

અરવલ્લી ના આંગણે અનેરો અવસર આવી ગયો છે. જિલ્લાના ઉમેદપુર દધાલીયા ગામે ૮ સપ્ટેમ્બરે ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાશે. જેમાં અરવલ્લી સાબરકાઠા અને મહીસાગર જીલ્લાના હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા માટે ઉમટી પડશે. અહી સદીઓથી ખંડુજી મહાદેવનો મેળો ભરાય છે.

ભારત દેશ વિવિધ સંસ્કૃતિથી સભર દેશ છે. અહી વિવિધતામાં એકતા જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ ખુબ સમૃદ્ધ કહેવાય છે. એમાં પણ ગુજરાત એટલે જાણે ઉત્સવનો પ્રદેશ. દરેક નાના મોટા તહેવારો ગુજરાતીઓ ઉજવે છે. અહીની સંસ્કૃતિની જેમ અહીના લોકમેળા પણ ખુબ પ્રચલિત છે. મેળા આપણી સંસ્કૃતિનો એક ભાગ છે. ભારતભરમાં અલગ અલગ જગ્યાએ પરંપરા મુજબ અને વર્ષોથી મેળા ભરાય છે. ગુજરાતમાં પણ દરેક જીલ્લાઓમાં મેળા ઉજવાય છે. ત્યારે સદીઓથી પરંપરા રીતે ભાદરવા મહિનાના બીજા રવિવારે ઉમેદપુર દધાલીયા ગામે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાશે. સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાય છે. લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભુ ખંડુજી મહાદેવજીના મંદિરે દર્શન કરવા માટે આવે છે.

## અંબાજી ખાતે વહીવટીતંત્ર એક્શન મોડમાં

અંબાજી, તા. ૩

ગુજરાતના સૌથી મોટા લોકપ્રિય શક્તિપીઠ અંબાજી ખાતે આવનારા દિવસોમાં ભાદરવી મહાકુંભ યોજાઈ રહ્યો છે ત્યારે રવિવારથી એક્શન મોડમાં આવેલું વહિવટીતંત્ર હાલ આખા અંબાજી ખાતે શેરીએ શેરી ફરી સફાઈ અભિયાન, દબાણ સેલ અને પ્લાસ્ટીકની ઓચિંતી રેડ કરી ૫૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટિક ઝડપી કાયદેસર કાર્યવાહી કરી રહ્યા છે. આજે અંબાજીમાં વિવિધ અધિકારીઓની ટીમો પ્લાસ્ટિકના વેપાર કરતા વેપારી અને દુકાનોમાં જઈ ૫૦ માઈક્રોનથી ઓછી હોય તેવી દોઢસો કિલો પ્લાસ્ટિક જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે. આ સિવાય અન્ય ટીમો દ્વારા અંબાજીના બજારમાં માર્ગ પર ઉભેલા નડતરરૂપ દબાણ પણ દૂર કરાયા હતા આ સાથે અંબાજી પોલીસ ટીમ તરફથી બે ફોરવિલ ગાડીને ડીટેન અને ૧૦ બાઈકોને એનસી મેમા આપ્યા હતા. આજે પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને અંબાજી પોલીસના સાહસોથી આજની કામગીરી સુપરફાસ્ટ ટ્રેનની જેમ હાલ અંબાજી ખાતે જોવા મળી હતી.

## સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ૭મીએ ચૂંટણી

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ૧૧ પ્રતિનિધિઓની આગામી તા. ૭મી સપ્ટેમ્બરે ચૂંટણી યોજાનાર છે ત્યારે તેને લઈને શિક્ષણ આલમમાં ચહલપહલ શરૂ થઈ ગઈ છે. આ ચૂંટણીમાં જિલ્લાના ૫૮૫૩ શિક્ષક મતદારો મતદાન કરશે. જેનું પરીણામ તા. ૮ સપ્ટેમ્બરે જાહેર થશે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ચૂંટણી સમિતિના તથા મંત્રીના જણાવાયા મુજબ જિલ્લા પ્રાથમિક સંઘની ચૂંટણી તા. ૭ સપ્ટેમ્બરે યોજાનાર છે ત્યારે તેમાં જિલ્લાના ૫૮૫૩ શિક્ષક મતદારો તાલુકા મથકે ૧૧.૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરશે. ત્યારબાદ આ મતપેટીઓને જિલ્લાકક્ષાએ બનાવાયેલા સ્ટ્રોંગ રૂમમાં લવાશે. ત્યારબાદ રવિવારે સવારે આઠ વાગ્યે મતગણતરી શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે જે ૧૧ પ્રતિનિધિઓ માટે ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં ત્રણ પ્રમુખ, ત્રણ ઉપપ્રમુખ, ત્રણ મંત્રી, બે સહમંત્રી ચૂંટવામાં આવશે એમ જિલ્લાના ચૂંટણી અધિકારી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું છે. તો બીજી તરફ શિક્ષક આલમમાં પણ આ ચૂંટણીને લઈને ભારે ચહલપહલ શરૂ થઈ ગઈ છે.